# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-02-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

***************************************************

- **નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે લોકસભામાં નાણાકીય વર્ષ 2025-26 માટેનું અંદાજપત્ર રજૂ કરશે. બજેટને કારણે આજે શેરબજાર કાર્યરત રહેશે**
- **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે દિલ્હીના ભારત મંડપમ ખાતે વિશ્વ પુસ્તક મેળાનું ઉદ્ઘાટન કરશે**
- **ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને વિવિધ દેશોના રાજદ્વારીઓ આજે પ્રયાગરાજમાં મહાકુંભમાં પવિત્ર સ્નાન કરશે**
- **છેલ્લા સપ્તાહમાં ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર 5 અબજ 57 કરોડ ડોલર વધીને 629 અબજ 55 કરોડ ડોલર થયો**
- **ભારતે ચોથી T20 મેચમાં ઇંગ્લેન્ડને હરાવી પાંચ મેચોની શ્રેણીમાં 3-1થી અજેય લીડ મેળવી**

………………………………………………………………………

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# UNION BUDGET

નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે લોકસભામાં નાણાકીય વર્ષ 2025-26 માટેનું અંદાજપત્ર રજૂ કરશે. નરેન્દ્ર મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું આ બીજું બજેટ હશે.

અમારા સંવાદદાતાનો એક અહેવાલ

## (બાઇટ – અનુપમ દિલ્હી)

દરમિયાન સુશ્રી સિતારમણે ગઇકાલે સંસદના બંને ગૃહોમાં આર્થિક સર્વેક્ષણમાં રજૂ કર્યું હતું જે મુજબ નાણાકીય વર્ષ 2025માં ભારતના વાસ્તવિક કુલ ઘરેલુ ઉત્પાદન-GDPમાં 6.4 ટકાના દરે વૃદ્ધિ થવાનું અનુમાન છે અને નાણાકીય વર્ષ 2026માં આ વૃદ્ધિ 6.3 થી 6.8 ટકા વચ્ચે રહેવાની શક્યતા છે.

## (બજેટ પ્રોમો)

આર્થિક સર્વેક્ષણમાં ભાર મૂકવામાં આવ્યો છે કે ઘરેલુ અર્થવ્યવસ્થાનો પાયો મજબૂત થયો છે. જેમાં સંતુલિત રાજકોષીય એકત્રીકરણ અને સ્થિર ખાનગી વપરાશનો સમાવેશ થાય છે. સર્વેમાં જણાવાયું છે શાકભાજીના ભાવમાં મોસમી ઘટાડો અને ખરીફ પાકના આગમન સાથે નાણાકીય વર્ષ 2025ના ચોથા ક્વાર્ટરમાં ખાદ્ય ફુગાવો ઓછો થવાની સંભાવના છે. રોજગાર અંગે જણાવાયું છે કે 15 વર્ષ અને તેથી વધુ ઉંમરની વ્યક્તિઓ માટે બેરોજગારી દર વર્ષ 2017-18માં 6 ટકાથી ઘટીને 2023-24માં3.2 ટકા થયો છે.

# STOCK MARKET

કેન્દ્રીય બજેટ રજૂ થવાના કારણે આજે બોમ્બે સ્ટોક એક્સચેન્જ,BSE અને નેશનલ સ્ટોક એક્સચેન્જ,NSE ટ્રેડિંગ માટે ખુલ્લા રહેશે. આ ફક્ત ત્રીજી ઘટના છે જ્યારે બજેટ માટે શનિવારે શેરબજાર સોદા માટે ખુલ્લું રહેશે.

1 ફેબ્રુઆરી, 2020 અને 28 ફેબ્રુઆરી, 2015 ના રોજ જ્યારે કેન્દ્રીય બજેટ રજૂ કરવામાં આવ્યું હતું ત્યારે બજારો ખુલ્લા રહ્યા  હતા. ઇક્વિટી બજારો સવારે 9:15 થી બપોરે 3:30 વાગ્યા સુધી ખુલ્લા રહેશે, જ્યારે કોમોડિટી ડેરિવેટિવ્ઝ માર્કેટ સાંજે 5 વાગ્યા સુધી તેનું ટ્રેડિંગ લંબાવશે.

ઇક્વિટી અને કોમોડિટી ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ ઉપરાંત,મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઓફ ઇન્ડિયા આજે લાઇવ ટ્રેડિંગ સત્ર પણ યોજશે.

# PRE BUDGET

આજે કેન્દ્રીય બજેટ રજૂ થનાર છે ત્યારે સમગ્ર દેશ આ અંદાજપત્ર પર નજર નાંખીને બેઠું છે.. અનેક લોકોને અંદાજપત્રમાં રાહત મળશે તેવી આશાછે ત્યારે અમદાવાદના કરવેરા નિષ્ણાત ધિરેશ ટી શાહે પણ અંદાજપત્રમાં આવકવેરામાં સરળીકરણ થશે તેવી આશા વ્યક્ત કરી હતી.

## બાઇટ

## ધિરેશ ટી શાહ, કરવેરા નિષ્ણાત , અમદાવાદ

# NEW DELHI WORLD BOOK FAIR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે દિલ્હીના ભારત મંડપમ ખાતે વિશ્વ પુસ્તક મેળા 2025નું ઉદ્ઘાટન કરશે. નવ દિવસીય આ મેળાની વિષયવસ્તુ છે 'આપણે ભારતના લોકો' જે ખાસ કરીને ભારતીય પ્રજાસત્તાકના 75 વર્ષની ઉજવણીને દર્શાવે છે.

આકાશવાણી સમાચાર સાથે વાત કરતા, નેશનલ બુક ટ્રસ્ટના નિયામક યુવરાજ મલિકે જણાવ્યું હતું કે આ વર્ષના પુસ્તક મેળામાં રશિયન સાહિત્ય આકર્ષણનું કેન્દ્ર રહેશે. મેળામાં ફ્રાન્સ, આર્જેન્ટિના, સ્પેન, કોલંબિયા, અબુ ધાબી અને કતાર સહિત લગભગ 50 દેશો પણ ભાગ લેશે. આ મેળામાં લગભગ બે હજાર પ્રકાશકો અને એક હજાર વક્તાઓ ભાગ લેશે.

# PREZ-UDYANOTSAV

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે વાર્ષિક ઉદ્યાનોત્સવનું ઉદ્ઘાટન કરશે. આ સાથે રાષ્ટ્રપતિ ભવનનું અમૃત ઉદ્યાન આવતીકાલથી જાહેર જનતા માટે ખુલશે. આ બગીચો સોમવાર સિવાય બધા દિવસો સવારે 10 થી સાંજે 6 વાગ્યા સુધી ખુલ્લો રહેશે. બગીચામાં પ્રવેશ પ્રેસિડેન્ટ એસ્ટેટના ગેટ નંબર 35 થી થશે. બગીચામાં પ્રવેશ મફત છે. પ્રવેશ માટે બુકિંગ પોર્ટલ rashtrapatibhawan.gov.in. પર પણ કરી શકાય છે.

# MAHAKUMBH - VICE PREZ & DIPLOMAT

મહાકુંભ – મ્યુઝિક

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં પવિત્ર ડૂબકી લગાવશે. અમારા સંવાદદાતાએ જણાવ્યું કે ભવ્ય અને દિવ્ય મહાકુંભ વિશ્વભરના લોકોનું ધ્યાન આકર્ષિત કરી રહ્યો છે. વિવિધ દેશોના રાજદ્વારીઓ પણ મહાકુંભમાં જશે. અમારા સંવાદદાતાનો એક અહેવાલ-

## બાઇટ – દીપેન્દ્ર

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . . .

# FOREX RESERVES

૨૪ જાન્યુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર 5 અબજ 57 કરોડ ડોલર વધીને 629 અબજ 55 કરોડ ડોલર થયો છે.

રિઝર્વ બેંકની માહિતી અનુસાર 17 જાન્યુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહમાં, વિદેશી હૂંડિયામણ ભંડાર એક અબજ 80 કરોડ ડોલર ઘટીને છસો 23 અબજ 98 કરોડ ડોલર થઈ ગયો હતો. 24 જાન્યુઆરીના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં વિદેશી ચલણ ભંડારમાં વધારો મુખ્યત્વે વિદેશી ચલણ સંપત્તિમાં વધારાને કારણે થયો હતો, જે ચાર અબજ 75 કરોડ ડોલર વધીને પાંચસો 37 અબજ 89 કરોડ ડોલર થયો હતો. આ ઉપરાંત, દેશના સોનાના ભંડારમાં 70 કરોડ 40 લાખ ડોલરનો વધારો થયો છે અને તે 69 અબજ 65 કરોડ ડોલર થઈ ગયું છે

# CRICKET - IND ENG T20

ભારતે ચોથી T20 મેચમાં ઇંગ્લેન્ડને હરાવી પાંચ મેચની શ્રેણીમાં 3-1થી અજેય લીડ મેળવી લીધી છે. ગઈકાલે પુણેમાં 182 રનના લક્ષ્યાંકના જવાબમાં ઈંગ્લેન્ડની ટીમ 166 રનમાં  ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી રવિ બિશ્નોઈ અને હર્ષિત રાણાએ ત્રણ-ત્રણ વિકેટ લીધી જ્યારે વરુણ ચક્રવર્તીએ બે વિકેટ લીધી. હાર્દિક પંડ્યા અને શિવમ દુબેએ 53-53 રન બનાવ્યા.

શ્રેણીની પાંચમી અને અંતિમ મેચ આવતીકાલે મુંબઈમાં રમાશે.

# PHILADELPHIA PLANE CRASH

અમેરિકામાં, ગઈકાલે રાત્રે ઉત્તરપૂર્વ ફિલાડેલ્ફિયામાં એક નાનું વિમાન ક્રેશ થયા બાદ જાનહાનિની આશંકા છે, આ દુર્ઘટનાને કારણે વિકરાળ આગ લાગી હતી .પોલીસે અહેવાલ આપ્યો છે કે, રહેણાંક વિસ્તાર રાવનહર્સ્ટમાં વ્યસ્ત રૂઝવેલ્ટ મોલ નજીક આ દુર્ઘટના બની હતી. પેન્સિલવેનિયાના ગવર્નર જોશ શાપિરોએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે દુર્ઘટના બાદ રાહત અને બચાવ કામગીરી કરવામાં આવી રહી છે.

આ ઘટના વોશિંગ્ટનના રીગન નેશનલ એરપોર્ટ નજીક એક પેસેન્જર જેટ અને લશ્કરી હેલિકોપ્ટર હવામાં અથડાવવાના બે દિવસ બાદ બની છે, જેમાં લગભગ 25 વર્ષમાં સૌથી ભયંકર યુએસ હવાઈ દુર્ઘટનામાં 67 લોકોના મોત થયા હતા

# SACHIN- LIFETIME ACHIEVEMENT AWARD

ભૂતપૂર્વ ક્રિકેટર સચિન તેંડુલકરને આજે મુંબઈમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. તેંડુલકર આ એવોર્ડ મેળવનાર 21મો ખેલાડી હશે. આ પુરસ્કારની સ્થાપના ભારતીય ક્રિકેટ ટીમના પ્રથમ કેપ્ટન સી.કે. નાયડુના સન્માનમાં 1994 માં કરવામાં આવી હતી.

તેંડુલકરે 664 મેચ રમી છે. તેમણે 463 એક દિવસીય મેચોમાં 18 હજાર 426 રન અને 200 ટેસ્ટ મેચમાં 15 હજાર 921 રન બનાવ્યા છે, જે એક રેકોર્ડ છે. તે 6 વિશ્વ કપ મેચોમાં પણ રમ્યા. બોર્ડે આ એવોર્ડ 2023 માં ભૂતપૂર્વ કોચ રવિ શાસ્ત્રી અને વિકેટકીપર ફારૂક એન્જિનિયરને આપ્યો હતો.

## હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષ લેઉઆ

- આજે તમામ મુખ્ય અખબારોએ સંસદમાં રજૂ થનાર અંદાજપત્ર, સંસદ સભા બહાર રાષ્ટ્રપતિ અંગેનું વિવાદાસ્પદ નિવેદન, રાજ્યના પોલીસ તંત્રમાં 11 હજાર જગ્યા માટે 10 લાખથી વધુ ઉમેદવાર નોંધાયા અને ડોલર અંગે ટ્રમ્પની ચેતવણી સહિતના સમાચારોને પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે.
- દિવ્ય ભાસ્કર પ્રથમ પાને લખે છે, આજે મધ્યમ વર્ગ પર લક્ષ્મીની કૃપા થશે. આર્થિક સરવે જીડીપી 6.3 ટકાથી 6.8 ટકા રહેશે.
- આર્થિક સર્વેક્ષણમાં કામના કલાકો અંગે વ્યક્ત કરાયેલી ચિંતા : સપ્તાહના 60 કલાકથી વધારે કામથી આરોગ્ય પર પ્રતિકૂળ અસર પડી શકે છે આ અંગેના સમાચારને સંદેશે મુખ્ય શિર્ષક બનાવ્યું છે.
- કુલછાબે LPG, ATF ની કિંમતથી લઈને UPI ના નિયમોમાં આજથી લાગુ થનારા બદલાવોના સમાચારને હેડલાઈન બનાવી છે.
- રાજસ્થાન પત્રિકાના મુખ્ય પાના પર ઉજ્જૈનના ખેડૂતના હડપ્પન સમકાલિન ઘઉં ઉત્પાદન, ટ્રમ્પ – નાટો દેશ આમને સામને અને ભારતીય નૌકાદળની બે અધિકારીઓએ પોઈન્ટ નિમો પર તિરંગો લહેરાવાના સમાચાર પ્રકાશિત થયા છે.
- નવગુજરાત સમયના મુખ્ય પાના પર પાલિકા, પંચાયત ચૂંટણી માટે ફોર્મ ભરાવ માટે છેલ્લો દિવસ, માહોલ નિરસ્ત સમાચાર પ્રકાશિત થયા છે.
- આ સિવાય ચોથી T-20માં ભારતે ઈગ્લેન્ડને 15 રને હરાવીને સિરીઝ પર કબજો કર્યો, સોનામાં તેજીની આગેકૂચ જારી – એક હજાર ઉછળી 85 હજારના સ્તરે ના સમાચારોને અખબારોએ પ્રકાશિત કર્યા છે.